તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૯ | ૮ ઓગસ્ટ, ૨૦૧૬, સોમવાર ; શ્રાવણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યના સોળમા સુકાનીનો શપથવિધિ

## ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે દબદબાભેર સમારોહમાં કેબિનેટ મંત્રી તરીકે સાત અને રાજ્યકક્ષાના સોળ મંત્રીઓનો શપથવિધિ સંપન્ન : ગુજરાતના નાયબ મુખ્યમંત્રી તરીકે નીતિન પટેલે શપથ લીધા

ગાંધીનગર,તા. ૭

ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે આજે વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી તરીકે નીતિન પટેલે શપથ લીધા હતા. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા તમામ સસ્પેન્સનો અંત આવી ગયો હતો. આ ઉપરાંત સાત કેબિનેટ પ્રધાન તથા ૧૬ રાજ્યમંત્રીઓને પણ રાજ્યપાલ ઓપી કોહલીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. વિજય રૂપાણીએ પોતાના પ્રધાનમંડમાં કુલ ૨૫ મંત્રીઓને સામેલ કર્યા છે. કેબિનેટ પ્રધાન તરીકે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગણપતભાઈ વસાવા, ચીમનભાઈ સપારિયા, બાબુભાઈ બોખિરિયા, આત્મારામ પરમાર, જયેશ રાડદિયા, દિલીપ ઠાકોરે શપથ લીધા હતા. આનંદીબેન કેબિનેટમાં સામેલ રહેલા નવ પ્રધાનોને દૂર કરવામાં આવ્યા છે. એક સમયે ગુજરાતના નવા મુખ્યપ્રધાનની દોડમાં સૌથી આગળ રહેલા નિતિન પટેલે નાયબ મુખ્ય પ્રધાન તરીકેના શપથ લીધા હતા. વિજય રૂપાણીના ગુજરાત કેબિનેટમાં કુલ ૨૫ પ્રધાનોને સામેલ કરવામાં આવ્યા છે. રૂપાણી કેબિનેટમાં અમદાવાદની ધોળકા સીટના ધારાસભ્ય ભુપેન્દ્રસિંહને પણ સામેલ કરવામાં આવ્યા છે. જાતિથી રાજપુત ભુપેન્દ્રસિંહ આનંદીબેન પટેલની સરકારમાં સામેલ હતા. આ ઉપરાંત પૂર્વ સ્પીકર અને આદિવાસી નેતા ગણપત ભાઈ વસાવા, જામજોધપુરના ધારાસભ્ય ચીમનભાઈ સાપરિયા અને અનુસુચિત જાતિના નેતા આત્મારામ પરમારને પણ સામેલ કરવામાં આવ્યા છે. આજે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ઐતિહાસિક મહાત્માં મંદિર ખાતે બપોરે ૧૨.૩૯ના વિજયમુહૂર્તમાં હોદ્દા તથા ગુપ્તતાના શપથ તમામે લીધા હતા.ભવ્ય શપથવિધિ સમારોહમાં કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી સહિત અનેક દિગ્ગજો અને કેન્દ્રીય આગેવાનો હાજર રહ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ હાજર રહ્યા હતા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ, ઝારખંડના મુખ્યમંત્રી રઘુવર દાસ, હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર પણ ઉપસ્થિત રહ્યા હતા. ગઈકાલે નિયુક્ત મુખ્યપ્રધાન વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે મંત્રીમંડળના સભ્યો, કેન્દ્રીય સંગઠન મંત્રી વી સતિષ, ગુજરાતના પ્રભારી દિનેશ શર્મા વગેરે આગેવાનો રાજ્યપાલ ઓપી કોહલીને મળ્યા હતા અને સરકાર રચવાનો દાવો રજૂ કરી રાજ્યપાલને શપથવિધિ કરાવવા આમંત્રણ આપ્યું હતું તેનો રાજ્યપાલે સ્વીકાર કર્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રીપદેથી આનંદીબેન પટેલે રાજીનામુ આપ્યા બાદ બાદ હવે વિજય રૂપાણીનો ગુજરાતની જવાબદારપી સોંપવામાં આવી છે. આનંદીબેનના રાજીનામા બાદ મુખ્યપ્રધાન તરીકેની જવાબદારી ગુજરાતમાં કોને સોંપવામાં આવે તેને લઈને જોરદાર ચર્ચાનો દોર રહ્યો

● અનુસંધાન પાન-૭ પર





### આજે કેબિનેટની બેઠકમાં વિભાગોની ફાળવણી

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને આવતીકાલે મળનારી મંત્રી મંડળની બેઠકમાં ખાતા ફાળવણી કરવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથગ્રહણ કર્યા બાદ આવતીકાલે વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ પદે પ્રથમ કેબીનેટ મળનારી છે. આ બેઠકમાં મંત્રીમંડળમાં સમાવિષ્ટ નવા મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવનાર છે.

### કાર્યકારી અધ્યક્ષ તરીકે પરબતભાઈ પટેલ નિમાયા

ગાંધીનગર, તા. ૭

રાજ્ય વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે પરબતભાઈ પટેલની રાજ્યના રાજ્યપાલશ્રીએ નિમણુંક કરી છે.

રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બન્નેએ હોદ્દા પરથી રાજીનામા આપતાં આ જગ્યા ખાલી પડી હતી. હવે સત્ર મળશે ત્યારે પ્રથમ અધ્યક્ષની ચૂંટણી હાથ ધરવામાં આવશે ત્યાં સુધી કાર્યકારી અધ્યક્ષ તરીકે પરબતભાઈ પટેલ તેમની સેવાઓ આપશે. પરબતભાઈ પટેલ બનાસકાંઠા જિલ્લાના થરાદ વિધાનસભા મત વિસ્તારમાંથી વિજયી થઈ આવ્યા છે. તેઓ અગાઉ રાજ્યમંત્રીમંડળમાં પણ સેવાઓ આપી ચુક્યા છે. તેમજ સંસદીય પ્રણાલિઓના સારા જાણકાર પણ છે.

### છ જેટલા મહાનુભાવોના મોબાઈલ ચોરાયા, ખિસ્સાં કપાયાં

ગાંધીનગર, તા. ૭

મહાત્મા મંદિરમાં આજે યોજાયેલા શપથવિધિ સમારોહમાં મોબાઈલ ચોરી અને પાકીટ તડફંચીની છથી પણ વધુ ઘટનાઓ બની છે.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલ શપથવિધિ સમારોહમાં ૧૫ હજારથી વધુ લોકો ભાગ લેવા આવ્યા હતા. પાકીટ અને મોબાઈલ ગુમાવનારાઓમાં શહેર ભાજપના મહાનુભાવો ઉપરાંત અમદાવાદના અગ્રણી કાર્યકરોનો પણ સમાવેશ થાય છે. સલામત ગુજરાતની વાત ભલે થાય પણ જાહેર સમારંભોમાં ખિસ્સાં કપાવાની અને મોબાઈલ તડફંચીની ઘટનાઓ સતત વધી રહી છે. પોલીસના સખ્ત બંદોબસ્ત વચ્ચે પણ તસ્કરો જે રીતે ત્રાટકે છે તે ખૂબ જ ચિંતાજનક છે.

### નવું મંત્રીમંડળ

**કેબિનેટમંત્રી**

- ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
- ગણપતભાઈ વસાવા
- ચીમનભાઈ સાપરિયા
- બાબુભાઈ બોખિરિયા
- આત્મારામ પરમાર
- દિલીપ ઠાકોર
- જયેશકુમાર રાદડિયા

**રાજ્યમંત્રી**

- શંકરભાઈ ચૌધરી
- પ્રદિપસિંહ જાડેજા
- જયંતિભાઈ કવાડિયા
- નાનુભાઈ વાનાણી
- પરસોત્તમ સોલંકી
- જશાભાઈ બારડ
- બચુભાઈ ખાબડ
- જયદ્રથસિંહજી પરમાર
- ઈશ્વરસિંહ પટેલ
- વલ્લભભાઈ કાકડીયા
- રાજેન્દ્ર ત્રિવેદી
- કેશાજી ચૌહાણ
- રોહિતભાઈ પટેલ
- વલ્લભભાઈ વઘાસીયા
- ડૉ. નિર્મલાબેન વાઘવાણી
- શબ્દશરણ તડવી

### નવા મંત્રીમંડળની બહાર કોણ-કોણ ધકેલાયા

- રમણલાલ વોરા
- સૌરભભાઈ પટેલ
- મંગુભાઈ પટેલ
- રજનીકાન્ત પટેલ
- વસુબેન ત્રિવેદી
- ગોવિંદભાઈ પટેલ
- તારાચંદ છેડા
- કાંતિભાઈ ગામિત
- છત્રસિંહ મોરી

# મંત્રીમંડળમાં પટેલ-ઓબીસીના આઠ-આઠ ધારાસભ્યોનો સમાવેશ

## પટેલ વર્ગમાં ત્રણ કેબિનેટ, પાંચ રાજ્યમંત્રી : ઓબીસીના બે કેબિનેટ અને છ રાજ્યકક્ષાના મંત્રીઓને સ્થાન મળ્યું : બંને સમુદાય તાજેતરમાં સરકારથી નાખુશ

ગાંધીનગર,તા. ૭

ગુજરાત પ્રધાનમંડળમાં હવે પટેલ સમુદાયના સભ્યોની સંખ્યા સૌથી વધુ આઠ થઈ છે જ્યારે ઓબીસી વર્ગના પ્રધાનોની સંખ્યા પણ આઠ ઉપર પહોંચી છે. હાલમાં આ બે સમુદાયના લોકો જ સૌથી વધારે નારાજ દેખાયા છે. એક બાજુ પાટીદાર સમુદાયના લોકોએ અનામતની માંગણી કરીને જોરદાર વિરોધ પ્રદર્શન કરીને ગુજરાત સરકારને હચમચાવી હતી. પાટીદાર આંદોલન દરમિયાન વ્યાપક હિંસા પણ રાજ્યભરમાં ફેલાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોનાં મોત પણ થયા હતા. મોટી સંખ્યામાં પાટીદારો સામે કેસ થયા હતા. સમાધાનના પ્રયાસો લાંબા ગાળા સુધી ચાલ્યા હતા. પાટીદાર સમુદાયની નારાજગી દૂર કરવા મોટા ભાગના કેસો છેલ્લે પાછા ખેંચાયા હતા. આંદોલનનું નેતૃત્વ કરનાર હાર્દિક પટેલને પણ શરતી જામીન આપવામાં આવ્યા છે. આજે કેબિનેટની રચના નવેસરથી કરવામાં આવ્યા બાદ રૂપાણી કેબિનેટમાં જુદા જુદા વર્ગના લોકોને

● અનુસંધાન પાન-૭ પર

### મુખ્ય દંડક અને ઉપદંડક યથાવત

ગાંધીનગર, તા. ૭

રાજ્યમંત્રીમંડળની આજે રચના કરવામાં આવ્યા બાદ ભાજપના મુખ્યદંડક અને ઉપ દંડકને યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીએ આજે શપથગ્રહણ કર્યા બાદ તેઓએ ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક તરીકે પંકજભાઈ દેસાઈ નાયબ મુખ્ય દંડક તરીકે આર.સી. પટેલ અને દંડક તરીકે અજય ચોકસીની નિમણુંકો યથાવત રાખી છે.

### આનંદીબેન પટેલ આવ્યા મુખ્યમંત્રી તરીકે ગયા કાર્યકર્તાના રૂપે..!

ગાંધીનગર, તા. ૭

રાજ્યના નવા વરાયેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના શપથવિધિ સમારોહમાં મહાત્મા મંદિર ખાતે હાજરી આપવા માટે વિદાય લેતા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તેમના સરકારી રસાલામાં આવ્યા હતા. આ પછી સમારોહ પુરો થતાં જ તેઓ તેમની ખાનગી ગાડી ઈનોવામાં શિલજ દિકરા સંજય પટેલના ઘરે જવા રવાના થયા હતા.

શ્રીમતિ આનંદીબેન પટેલે મુખ્યમંત્રી તરીકે તેમને ફાળવવામાં આવેલ સરકારી બંગલો પણ બપોરે ૨.૩૦ કલાકે માર્ગ-મકાન વિભાગને ખાલી કરી સોંપી દીધો હતો તે ઉલ્લેખનીય છે. શપથવિધિ સમારોહમાં તેઓ કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલી સાથે પ્રથમ હરોળમાં જ બેઠા હતા.

### સભ્યોનું વર્ગીકરણ

| વર્ગ | કુલ પ્રધાન |
|---|---|
| પટેલ | ૮ |
| ઓબીસી | ૮ |
| ક્ષત્રિય | ૩ |
| એસટી | ૨ |
| એસસી | ૧ |
| વણિક | ૧ |
| બ્રાહ્મણ | ૧ |
| સિંધી | ૧ |
| કુલ | ૨૫ |

### રૂપાણી અને નવી ટીમને મોદીએ શુભેચ્છા પાઠવી

**વિકાસ યાત્રા જારી રાખવા સૂચન**

ગાંધીનગર,તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પણ નવા મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, શપથ લેનાર અન્ય પ્રધાનોને શુભેચ્છા પાઠવી છે. સાથે સાથે ગુજરાતની વિકાસ યાત્રાને જારી રાખવામાં આવશે તેવી આશા પણ વ્યક્ત કરી છે. મોદીએ ટ્વિટ કરીને કહ્યું છે કે, તેઓ નવી ટીમને શુભેચ્છા પાઠવે છે. બીજી બાજુ વડાપ્રધાને એક અલગ ટ્વિટ કરીને આનંદીબેન પટેલની સેવાઓની પ્રશંસા કરી છે. આનંદીબેને બુધવારના દિવસે રાજીનામુ આપી દીધું હતું. મોદીએ કહ્યું છે કે, આનંદીબેન પટેલ વર્ષોથી ગુજરાતના લોકો માટે સખત પરિશ્રમ કરી રહ્યા હતા. લોકલક્ષી કામો કરી રહ્યા હતા. વિજય રૂપાણી અને તેમની ટીમના અન્ય સભ્યોને રાજ્યની વિકાસ યાત્રાને જારી રાખવા મોદીએ સૂચન કર્યું છે. અમિત શાહ અને આનંદીબેન પટેલે પણ તમામને શુભેચ્છાઓ પાઠવી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧










